જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૯/૨૦૧૭   બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૧૯૫૧/૧૭**

**મહિલા ક્રાઇમ બ્રાન્ચ :**

અમદાવાદ શહેર મહિલા પોલીસે નવરાત્રી મહોત્સવ દરમ્યાન છઠ્ઠા નોરતે પણ શહેર ના વિવિધ વિસ્તારોમાંથી ડીકોય ટીમો ગોઠવી મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમા ને ન છાઝે તેવું વર્તન કરતા યુવાનોને ઝડપી પાડ્યા.

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી તથા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાંચ અને નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓએ નવરાત્રી મહોત્સવ અન્વયે સમગ્ર અમદાવાદ શહેરમાં પાર્ટી પ્લોટ, કલબો, શેરીઓમાં ગરબાનું આયોજન થતું હોય છે. આ દરમ્યાન સ્ત્રીઓની છેડતીના બનાવો ન બને તે માટે એકશન પ્લાન ઘડી કાઢી સઘન પેટ્રોલીંગ બંદોબસ્ત જાળવી આવા કોઇ બનાવો ન બને તે માટે સુચના કરેલ. જે આધારે અત્રેના મહિલા પોલીસ સ્ટેશન પુર્વ/પશ્ચિમ અને એસ.ઓ.જી. તથા સાયબર સેલ ના મહિલા અધિકારી/કર્મચારીઓને ડીકોયની બે ટીમ તથા મહિલા હેલ્પ લાઇન-૧૮૧ ની ૧૦ ટીમો તેમજ અન્ય ૫ ટીમો બનાવી સમગ્ર અમદાવાદ શહેરમાં નવરાત્રીના છઠ્ઠા નોરતે પણ બંદોબસ્ત પેટ્રોલીંગ હાથ ધરવામાં આવેલ આ દરમ્યાન ડીકોયની ટીમોએ ખાણી-પીણી ના બજારો, જાહેર જગ્યાઓ તેમજ કલબો અને વિવિધ ગરબા વાળી જગ્યાઓએ વોચ ગોઠવેલ આ દરમ્યાન મહિલા કર્મચારીઓને ટ્રેડીશનલ ડ્રેસમાં મોકલી ડીકોય ગોઠવતા કુલ્લે-  યુવાનો ને ડીકોયમાં મોકલેલ ટ્રેડીશનલ ડ્રેસવાળી મહિલાઓ સાથે સ્ત્રીની ગરીમા ને ન છાઝે તેવું વર્તન કરતા મળી આવતા ઝડપી લેવામાં આવેલ છે. તમામ આરોપીઓ વિરૂધ્ધમાં મહિલા પોલીસ સ્ટેશન પશ્ચિમ/પુર્વ ખાતે કાયદેસરની કાર્યવાહી કરી ગુન્હો નોંધવામાં આવેલ છે. અને આગળની તપાસ જારી છે. તેમજ શહેર મહીલા સમિતી, વોર્ડ મહીલા સમિતી, વિવિધ એનજીઓ અને ખાનગી વાતમીદારોને આગામી નવરાત્રીના દિવસોમાં આવી અસામાજીક પ્રવૃતિ કરતા યુવાનોની માહીતી મળેતો મહીલા પોલીસ સ્ટેશન પશ્ચિમ/પુર્વ ખાતે અથવા તો કંટ્રોલરૂમ અથવા એસીપી મહીલા સેલ અને મહીલા હેલ્પલાઇન -૧૮૧ ને જાણ કરવા અલગ અલગ ગ્રુપમા સોસિયલ મીડીયાથી જાણ કરવા જાણ કરવામા આવેલ છે. તા.૨૭/૦૯/૧૭

## ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન :

**લોકો સાથે મારામારી કરી ચેઇન સ્નેચીંગ કરતી તેમજ વાહન ચોરી કરતી ગેંગને પકડી પાડતી**

**ગુજરાત યુનિવર્સીટી પોલીસ**

આ કામે હકિકત એવી છે કે, મે પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ અનડીટેક્ટ ગુન્હાઓ શોધવા તથા અટકાવવા સારૂ આપેલ લેખિત સુચનાઓ સબબ તેમજ તાજેતરમાં ગુજ.યુનિ. પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ ચેઇન સ્નેચીંગના ગુન્હાઓ શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧, અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચનાઓ આધારે પોલીસ ઇન્સપેક્ટર વી.એસ.ચંપાવત તથા સાથેના સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં સઘન પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના સ્ટાફના પોકોન્સ હિરેનભાઇ કાનજીભાઇ તથા પોકો મનિષકુમાર નથ્થુભાઇ તથા પોકો ઉપેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ નાઓને મળેલ ભરોસાપાત્ર બાતમી હકિકત આધારે આરોપીઓ (૧) લજ્મીર ઉર્ફે લેફ્ટો સ/ઓ છગનભાઇ અમીભાઇ દેસાઇ ઉવ.૨૭ ધંધોઃ ડ્રાયવીંગ રહેઃ ૧૨૯, શ્રીનાથ નિરંજનનગર સોસાયટી, જનતાનગર ક્રોસીંગ પાસે, ઘાટલોડીયા, અમદાવાદ શહેર. મુળ ગામઃ અજબપુરા તાઃબહુચરાજી જીઃ મહેસાણા (૨) જીગર અમરતભાઇ દેસાઇ ઉવ.૨૩ ધંધોઃ અભ્યાસ રહેઃ હાલઃ બકેરી હાઇસની સામે આવેલ નવરંગ બંગલાની ચાલતી સાઇટ ઉપર, ફેડેક્ષ કુરીયરની સામે, જુની હાઇકોર્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ શહેર. મુળ ગામઃ ચરીયાળા તાઃવિરમગામ જીઃ અમદાવાદ (૩) જયેશ વરવાભાઇ જાતે દેસાઇ ઉવ.૨૭ ધંધોઃહાલ બેકાર રહેઃ ૧૭૧૦, રબારીવાસ, ટેલીફોન એક્ષચેન્જની પાછળ, લાલ બંગલા, નવરંગપુરા, અમદાવાદ શહેર. મુળ ગામઃ પાલ્લી તાઃસાણંદ જીઃ અમદાવાદ નાઓના કબજામાંથી નંબર વગરનુ હિરોહોન્ડા સ્પ્લેન્ડર મોસા મળી આવેલ હોય જે બાબતે આરોપીઓ પાસેથી મોસા ક્યાંથી લાવેલ છો અને માલીકીના પુરાવાઓ માંગતાં કોઇ સંતોષકારક જવાબ આપતા ન હોય અને ગલ્લાં તલ્લાં કરતા હોય જેથી આ મોસા કોઇ કૉગ્નીઝેબલ ગુન્હો કરી અથવા ચોરી કરી લાવેલ હોવાની શંકા જતાં તેઓના કબજામાંથી મળી આવેલ ઉપરોક્ત મોસાની કિરૂ.૨૫,૦૦૦/- ગણી સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે લેવામાં આવેલ છે. તેમજ ઉપરોક્ત ત્રણેય ઇસમોને સી.આર.પી.સી. કલમ ૪૧(૧) ડી મુજબ તાઃ૨૫/૯/૨૦૧૭ ના કલાક ૧૪/૦૦ વાગ્યે અટક કરવામાં આવેલ છે તેમજ તપાસ દરમ્યાન આરોપીઓના કબજામાંથી મળી આવેલ મોસા વસ્ત્રાપુર પો.સ્ટે. ફગુરનંબર ૨૦૫/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબના કામે ચોરીમાં ગયેલ મોસા હોવાનુ જણાઇ આવેલ હોય વસ્ત્રાપુર પો.સ્ટે.નો આ ગુન્હો ડીટેક્ટ કરવામાં આવેલ છે.

તેમજ આ કામના આરોપીઓ ઉપરોક્ત મોસાનો ઉપયોગ કરી રાત્રીના સમયે લોકો સાથે બોલાચાલી ઝઘડો કરી તેમજ મારામારી કરી સોનાના દોરા તોડી અલગ જ પ્રકારના એમ.ઓ.થી ચેઇન સ્નેચીંગના ગુન્હાઓ આચરતા હોય જેથી આરોપીઓની યુક્તિ પ્રયુક્તિથી ઉંડાણપુર્વક પુછપરછ તપાસ કરતાં આ કામના આરોપીઓએ નવરંગપુરા પો.સ્ટે. ફગુરનં.૧૨૧/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૩૭૯,૩૫૬ વિ. તથા અત્રેના ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફગુરનં.૧૦૬/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૩૯૪,૨૯૪(ખ),૧૧૪ તથા ફગુરનં.૧૦૭/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૩૯૪,૩૩૭,૨૯૪(ખ),૧૧૪ તથા ગુજ.યુનિ. પો.સ્ટે. ફગુરનં.૧૧૬/૨૦૧૭ ધી ઇપીકો કલમ ૩૯૪ વિ. મુજબના ગુન્હાઓ કરેલ હોવાની પણ કબુલાત કરેલ હોય જે લુંટ કરી મેળવેલ સોનાની ચેઇનોનો મુદામાલ રિકવર કરવાની તજવીજ હાલમાં ચાલુ છે. જેથી આ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન દ્વારા વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનનો વાહનનો ચોરીનો તેમજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતેનો ચેઇન સ્નેચીંગનો તેમજ ગુજ. યુનિ. પોલીસ સ્ટેશનના ત્રણ ચેઇન સ્નેચીંગના ગુન્હાઓ ડીટેક્ટ કરી પ્રશંશનીય કામગીરી કરેલ છે.

**રામોલ પોલીસ સ્ટેશન :**

**આંખમાં મરચાની ભુકી નાખી સોનીની દુકાનમાંથી ઘરેણાની લુંટ ચલાવતા ઇસમને પકડી અલગ અલગ બે બનાવોનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ અવાદ શહેર**

સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ડી.બી વાઘેલા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. ગીરીશ પંડ્યા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી રઘુવંશી સાહેબ તથા સિનીયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.એસ.દવે સાહેબનાઓ તરફથી મળેલ સુચના આધારે અવાદ શહેરના પોલીસ સ્ટેશન વિસ્તારોમાં સોનીની દુકાનોમા થયેલ લુંટ જેવા બનાવો તેમજ ચોરીના ગુનાઓ ન બને તે માટે અમો સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે તા.૨૬/૯/૧૭ ના રોજ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરતા-ફરતા કલાક ૧૯/૦૦ વાગે સિધવાઇ માતાના મંદીર પાસે આવતા સાથેના પોકો વિજયસિહ પર્વતસિહ બનં ૯૭૮૨ તથા પોકો ગૌરાંગકુમાર બળદેવભાઇ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે તેમજ સોશીયલ મીડીયામાં વાયરલ થયેલ આ બાબતેના વીડીયો ફુટેજ આધારે

કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં સોનીની દુકાનમાં મરચાની ભુકી નાખી ગાભાના હારની લુંટનો બનાવ તેમજ

વટવા **પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં ૩૫૨/૧૭ ધી ઇપીકો કલમ ૩૯૪** મુજબના ગુનાનો ભેદ ઉકેલી આરોપી

**પ્રવિણ સન/ઓફ લક્ષ્મણભાઇ ભેરુલાલ જાતે બારોટ ઉવ ૩૮ રહે મનં ૨૦, નુતના વર્ષા સોસાયટી સિધવાઇ માતાના મંદીર પાછળ સીટીએમ અમદાવાદ** નાની પાસેથી લુંટ કરેલ સોનાના બે હાર તથા ગાભાના બે હાર તથા લુંટ કરવામાં વાપરેલ એકટીવા તેમજ મોફોન મળી **કુલ્લે રુપિયા ૧,૧૦,૦૦૦/૦૦ નો** મુદ્દામાલ રીકવર કરી આરોપીને તા.૨૬/૯/૧૭ ના ૨૦/૩૦ વાગે પકડી અટક કરી તપાસ તજવીજ હાથ ધરેલ છે.







ક્રાઇમબ્રાન્ચ :

## અસલાલી પોલીસ સ્ટેશનનાં અપહરણ તથા ખંડણી માંગવાના ગુનામાંસને ૨૦૧૬ થી પેરોલ જમ્પ કરી નાસતા ફરતા કેદીને પકડી પાડતી અમદાવાદ શહેરએસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ થયેલ આરોપીને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પો.સ.ઇ.શ્રી એન.એન.રબારી તથા પોસઇ શ્રી જે.કે.રાઠોડ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન વિશાલા સર્કલ પાસે આવતાં હે.કો.જયેન્દ્રસિંહ વિક્રમસિંહ તથા પો.કો.જાવેદખાન મુનસફખાન નાઓની સંયુકત બાતમી હકીકત આધારેજહીન ફીરોજભાઇ પાલનપુરી ઉવ.૨૪ રહે, જમાઅતખાના પાસે, કોર્ટ વિસ્તાર, મોડાસા, અરવલ્લીને ઝડપી લેવામાં આવેલ. સદરી ઇસમની પુછપરછ કરતાં સને ૨૦૧૬ માં અસલાલી પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૩/૧૬ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૫(એ),૩૮૫, ૩૮૭, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૨૦ (બી) મુજબના ગુનામાં પકડાયેલ અને તા.૧૯/૧૦/૨૦૧૬ ના રોજવચગાળાના જામીન ઉપર દિન-૭ ની રજા મેળવેલ જે રજા પુરી થયા બાદ પોતે જેલમાં હાજર નહી થઇ પેરોલ રજા ઉપરથી જમ્પ કરી નાસતો ફરતો હતોની હકીકત જણાવેલ. જેથી સદરી આરોપીને આજરોજ તા.૨૯/૦૯/૨૦૧૭ ના રોજ હસ્તગત કરી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે. તા.૨૬/૦૯/૨૦૧૭

રાણીપ પોલીસ સ્ટેશન :



દારૂની ગેરકાયદેસર પ્રવૃતિ કરતી એક ઇસમ ને દારૂના મોટા જથ્થા સાથે પકડતી રાણીપ પોલીસ

પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા ઝોન ૨ સા તથા અન્ય ઉપલા અધિકારીઓની સુચના હોઇ કે અમદાવાદ શહેર મા દારૂની ગેરકાયદેસર પ્રવૃતિ ચાલતી હોઇ જેને નસ્તે નાબુદ કરી આ પ્રકારની પ્રવૃતિ કરનારા ઇસમો વિરૂધ્ધ અસરકારક પગલા લઇ જરૂરી કાર્યવાહી કરવી તેમજ કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ દરેક પો ઇન્સ શ્રીઓ પોતપોતાના વિસ્તારમા અસામાજીક પ્રવૃતિ અટકાવી અસરકારક પગલા લેવા જે આધારે અમો પો ઇન્સ એન એમ પટેલ રાણીપ પો સ્ટે નાઓ તથા રાણીપ પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફના માણસો જેમા પો સ ઇ એસ એસ ચૌધરી તથા પો સ ઇ પી બી ચૌધરી તથા હેડ કોન્સ કલ્યાણસિંહ શિવસિંહ બ નં ૬૧૩૮ તથા અ હે કો કીર્તિસિંહ છત્રસિંહ બ નં ૭૯૧૪ તથા પો કો પ્રભુદાસ નાનજીભાઇ બ નં ૩૦૩૮ એરીતેના પો સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ખાનગી બાતમી હકીકત આધારે આરોપી હનીફભાઇ ઇશાકભાઇ કુરેશી ઉ વ ૬૦ રહે છગનજી ટેકરી બકરામંડી રાણીપ અમદાવાદ શહેર નાને આજરોજ તા ૨૬/૦૯/૨૦૧૭ ના કલાક ૧૩/૧૫ વાગે છગનજીની ટેકરી બકરામંડી રાણીપઅમદાવાદ શહેર ખાતે રેઇડ કરતા પોતાના કબજામાથી (૧) પરપ્રાંન્ત ની ઇગ્લીશ દારૂ ની નાની મોટી બોટલો નંગ ૭૯ કિં રૂપિયા ૧૯૧૦૦/- (૨) બીયરના ટીન નંગ કુલ્લે ૭૨ જેની કિં રૂપિયા ૭૨૦૦/- જે તમામની કુલ્લે કિં રૂપિયા ૨૬૩૦૦/-ની મત્તા (૩) એક ઓટો રીક્ષા જે કિં રૂપિયા ૩૫૦૦૦/- જે તમામની કુલ્લે કિં રૂપિયા ૬૧૩૦૦/-ની મત્તા સાથે પકડાઇ ગયેલ હોઇ તેમજ આ સાથે તેનો ભાગીદારો આરોપી નં (૨) શરીફાબાનુ વા/ઓ હનીફભાઇ ઇશાકભાઇ કુરેશી રહે છગનજી ટેકરો બકરામંડી રાણીપ અમદાવાદ તથા (૩) ભારતસિંહ ઝાલીયા જેના સરનામાની ખબર નથી તેઓ તમામ વિરૂધ્ધ મા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે તેમજ તપાસ હાલમા ચાલુ છે તા ૨૬/૦૯/૨૦૧૭

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીરામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ








નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.